ગાંધીનગર સમાચાર
તા. ૮-૧૨-૨૦૧૩, રવિવાર

તંત્રી સ્થાનેથી.....

બીજા ગાંધીની ઓળખ ધરાવતા અશ્વેતોના મસીહાની વિદાય

પંચાણું વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવીને લાંબી બીમારીને અંતે વિદાય થયેલા દક્ષિણ આફ્રિકાના પૂર્વ રાષ્ટ્રપતિ નેલ્સન મંડેલા એમના સમયગાળાના જ નહીં બલકે સમગ્ર સદીના મહાનાયક ગણી શકાય એવા, મૂળે એક કબીલાના મુખીમાંથી વિશ્વમાનવી સુધીની સફર ખેડનારા ઝુઝારુ લોકનેતા હતા. મહાત્મા ગાંધી પછી એમના પગલે ચાલીને ગાંધીની જ એક સમયની કર્મભૂમિ જોહનિસબર્ગમાં આ અશ્વેત નેતાએ રંગભેદની નીતિ સામે લાંબી લડત ચલાવી હતી. સત્યાવીશ વર્ષ જેટલો ઉંમરનો સુવર્ણકાળ જેલમાં ગાળનારા આ લડવૈયાને આખરે એના જંગમાં ધારી સફળતા સાંપડી હતી અને પ્રજા પ્રજા વચ્ચેના સદીઓથી ચાલ્યા આવતા કાળા- ગોરાના ભેદ ભૂંસાઈ ગયા હતા. એટલી લાંબી લડાઈ ચલાવીને દેખીતી રીતે જ એમનું શરીર થાકી ગયું હતું, છતાં દેશની જનતાની લાગણીને માન આપી એમણે રાષ્ટ્રપ્રમુખનો હોદ્દો સ્વીકાર્યો હતો. રાષ્ટ્રપ્રમુખ ન બન્યા હોત તો એ કદાચ ગાંધીજીની જેમ દક્ષિણ આફ્રિકાના 'રાષ્ટ્રપિતા' ગણાયા હોત. વર્તમાન રાષ્ટ્ર પ્રમુખે એમને જે ભવ્ય અંજલી આપી છે, એમાં તો એ જ સૂર પડઘાયો છે. પરંતુ મંડેલા ફક્ત દક્ષિણ આફ્રિકાના લોકનાયક ન રહેતાં વિશ્વનાયક બની રહ્યા. એ પોતાના દેશ માટે હતા એટલા જ પ્રસ્તુત બાકીની દુનિયા માટે પણ હતા. મહાત્મા ગાંધી જે સમ્માનથી વંચિત રહી ગયા હતા તે શાંતિ માટેનું નોબલ પારિતોષિક મેળવનારા નેલ્સન મંડેલાને આપણા દેશનું સર્વોચ્ચ સમ્માન 'ભારત રત્ન' પણ એનાયત કરી આપણે કૃતજ્ઞતા વ્યકત કરી હતી. મહાશ્વેતા દેવી જેવાં સર્વહારાના હક્કો માટે આજીવન ઝઝૂમનારાં લેખિકાને જ્ઞાનપીઠ પારિતોષિક આપવાનું જાહેર કરાયું ત્યારે એમણે આગ્રહ રાખ્યો હતો કે કોઈ રાજકારણીના હાથે હું આ સન્માન સ્વીકારવા તૈયાર નથી, પરંતુ જો રાજનેતાના જ હાથે સ્વીકારવું પડે એમ હોય તો હું કોઈ એક જ લોકપુરુષના હાથે આ સન્માન સ્વીકારી શકું અને તે છે નેલ્સન મંડેલા! ગાંધીજી, માર્ટિન લ્યુથર કિંગ અને નેલ્સન મંડેલા- આ ત્રણ યુગ પુરુષોએ સદીઓથી અંધકારમાં સબડતી માનવજાતને એક નવી દિશા આપી. માણસ માત્રને માણસ તરીકે જોવાની અને એની જ્ઞાતિ, ધર્મ કે ચામડીને બદલે એને ઈશ્વરના સંતાન તરીકે ઓળખવાની દૃષ્ટિ આપી. મંડેલા માટે માર્ટિન લ્યુથર કિંગ અને મહાત્મા ગાંધી પ્રેરણામૂર્તિ સમાન હતા. 'ભારત રત્ન' જેવા સર્વોચ્ચ સન્માનના સ્વીકાર પ્રસંગે એમણે પોતાના જીવનમાં ગાંધીએ ભજવેલા સન્માન રોલનો જાહેરમાં સ્વીકાર કર્યો હતો. એમણે દક્ષિણ આફ્રિકાએ મોહનદાસને મહાત્મા બનાવીને પરત કર્યા હોવાની બહુચર્ચિત વાત પણ ઉચ્ચારી હતી. બરાબર દલિતોના ભગવાન ગણાતા ડૉ. બાબાસાહેબ આંબેડકરના પરિનિર્વાણ દિને જ અવસાન પામેલા નેલ્સન મંડેલા એક મહાન લોકનાયક તરીકે ઈતિહાસમાં અમર થઈ ગયા છે. એમણે કાળી પ્રજાને એના વાજબી માનવાધિકાર અને મતાધિકાર અપાવીને વિશ્વની સૌથી મોટી ક્રાંતિ સર્જી હતી. જે કામ કયારેય જયોર્જ વૉશિંગ્ટન અને અબ્રાહમ લિંકન પણ નહોતા કરી શકયા તે આ હબસી નેતાએ એમના ઝુઝારુ જીવનકાળમાં સિદ્ધ કરી બતાવ્યું હતું અને એનો પડઘો આપણે બબ્બે સત્ર માટે અમેરિકાના 'અશ્વેત' રાષ્ટ્રપતિપદે ચૂંટાયેલા બરાક હુસેન ઓબામા સ્વરૂપે પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ. ધાર્યું હોત તો મંડેલા જિંદગીના છેલ્લા શ્વાસ સુધી દક્ષિણ આફ્રિકાના પ્રમુખ તરીકે રહી શકયા હોત. પરંતુ એમણે બીજી ટર્મ સુધ્ધાં સ્વીકારી નહોતી. લોકશાહીના ઈતિહાસમાં ગાંધીની લગોલગ મૂકી શકાય એવા મહાનાયક તરીકે મંડેલાએ ફકત એમના દેશની જ નહીં બલકે સમગ્ર માનવજાતની ગરિમાની પુનઃ પ્રતિષ્ઠા કરીને ન ભૂતો ન ભવિષ્યતિ- એવી મહાન સિદ્ધિ અંકે કરી છે. આવા મહાન નેતાના અંગત જીવનમાં સતત આંધીઓ આવતી રહી, એમની સાથે અડીખમ ઢાલ થઈને રંગભેદ સામેની લડતમાં ઊભાં રહેલાં વિની મંડેલા સામે આક્षેપો થયા. રાજધર્મની રૂએ નેલ્સન મંડેલાએ એમને છૂટાછેડા આપ્યા. છેલ્લી વયે દિવંગત સાથીની વિધવા સાથે પ્રભુતામાં પગલાં મૂકી એમણે માનવજીવનનો કઠોર નિયતિનો હસતે મોઢે સ્વીકાર કર્યો. છેવાડા માણસના માણસ તરીકેના હક્કો ખાતર જીવનભર ઝઝૂમનારા વિશ્વનેતાની ગેરહાજરીથી દુનિયા રાંક બની છે પરંતુ એમના આદર્શો અને સિદ્ધાંતોનું અજવાળું માનવજાતને સદીઓ સુધી માર્ગદર્શન આપતું રહેશે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી તથા વડાપ્રધાન મનમોહનસિંહે એમને માનવજાતના મસીહા કહી બિરદાવ્યા અને એમના માનમાં રાષ્ટ્રીય શોક જાહેર કર્યો તે જ સૂચવે છે કે નેલ્સન મંડેલા જેટલા દક્ષિણ આફ્રિકાને વહાલા હતા એટલા જ ભારતને પણ પ્રિય હતા. શાંતિના એ ફિરસ્તાને સો સો સલામ!

પીએચ.ડી.ની ડીગ્રી મેળવી

વારાહી એજ્યુકેશન કોલેજ અમદાવાદના પ્રિન્સીપાલ અને નિસર્ગ સાયન્સ સેન્ટર ગાંધીનગરના ટ્રસ્ટી અનીલભાઈ પટેલે બ્રહ્માંડ વિષયક બહુમાધ્યમ સંપુટની રચના અને અસરકારકતા વિષય પર ડૉ. કોકિલાબેન પારેખ પ્રોફેસર ગૂજરાત વિદ્યાપીઠના માર્ગદર્શન હેઠળ સંશોધન કરતા ગણપત યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની પદવી મેળવી છે.

વહાણવટી વિદ્યાલયમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૭

વહાણવટી વિદ્યાલય સે. ૭ ખાતે બાળકો દ્વારા આજરોજ વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી.

શહેરના સે. ૭ ખાતે આવેલી વહાણવટી વિદ્યાલયમાં આજરોજ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શાળામાં વિજ્ઞાન મેળો, આનંદ મેળો અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના વિદ્યાર્થીઓએ એથ્લેટિક્સ રમતો, ખોખો, કબડ્ડી, લીંબુ ચમચી, કોથડાદોડ, ફૂગ્ગાફોડ જેવી રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમજ ગરબા, નાટક, ડાન્સ, મરાઠી નૃત્યો, મિમિક્રી જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં હિનાબેન પંડ્યા, મનિષભાઈ પ્રજાપતિ, સંગીતાબેન પટેલે બાળકોને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

કડી કેમ્પસની કન્યા શાળાની બાળાઓએ રાજસ્થાનનો પ્રવાસ માણ્યો

ગાંધીનગર, તા. ૭

સેકટર-૨૩ સ્થિત કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલ શ્રીમતિ આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળા, શ્રીમતિ એસ.બી. પટેલ કન્યા ઉચ્ચત્તર માધ્યમિક શાળાની વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થિનીઓ માટેના બે દિવસીય રાજસ્થાન પ્રવાસનું આયોજન કરાયું હતું. આ પ્રવાસમાં બંને શાળાની મળીને કુલ ૧૫૫ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. તેમની સાથે ૧૧ શિક્ષકો અને ૧ સેવક જોડાયા હતા. આ પ્રવાસમાં શ્રીનાથજી, રાણકપુર, કુંભલગઢ, હલ્દીઘાટી અને ઉદયપુર વગેરે ઐતિહાસિક સ્થળોની મુલાકાત લઈ ભારતના ભવ્ય વારસાથી માહિતગાર બન્યા હતા.

નેશનલ સાયન્સ મ્યુઝીયમ અને ગુજરાત કાઉન્સીલ ઓફ સાન્ય એન્ડ ટેકનોલોજીના ઉપકમે રાજ્યકક્ષાની વિજ્ઞાન નાટ્ય સ્પર્ધા સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન, ભાટ ખાતે યોજવામાં આવી હતી, જેમાં ગાંધીનગર શહેરના પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ભરપૂર પ્રશસ્તિ પ્રાપ્ત કરી હતી. શહેરના જાણીતા નાટ્યકાર કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત આરોગ્ય અને સ્વાસ્થ વિષયક નાટક 'જાગ બચ્ચા રાક્ષસ આયા' તેમણે રજૂ કર્યું હતું. નાટકમાં સંગીતની સેવા નગરના યુવા કલાકાર ઋષિકેશ મહેતા દ્વારા આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે એક સપ્તાહ અગાઉ નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા જિલ્લા કક્ષાની વિજ્ઞાન નાટ્ય સ્પર્ધા ગાંધીનગર ખાતે યોજવામાં આવી હતી, જેમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી પ્રેરણા વિદ્યાલય રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે હકદાર બન્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

હરિની દૃષ્ટિ...

ખાલી એટલું કહી દે કે હું 'સંત તરીકે કદી પણ રહી ચૂક્યો નથી...' બસ પછી તને છોડી દઉં..!

ગાંધીનગરમાં ભગતાણી ક્રિકેટ કપ કાર્નિવલની તડામાર તૈયારી

ગાંધીનગર, તા.૮

કલ્પતરૂ કંપનીના ભૂતપૂર્વ માર્કેટીંગ ડાયરેકટ અને ક્રિકેટનાં અનન્ય ચાહક એવાં ભૂપેન્દ્ર ભગતાણીનાં નામથી પ્રતિવર્ષ ક્રિકેટ કપ યોજાય છે. આ વર્ષે પણ ભગતાણી ક્રિકેટ કપ ૧૫મી ડિસેમ્બરથી યોજાશે જેમાં ગાંધીનગર શહેર અને આસપાસનાં ગ્રામ્યની ટીમો ભાગ લેશે.

૧૬-૧૬ ઓવરની આ મેચો ટેનીસ બોલથી રમાશે અને વિજેતા ઉપ વિજેતાને ટ્રોફીથી સન્માનીત કરાશે. મેન ઓફ ધ મેચ, મેન ઓફ ધ સિરીજ, બેસ્ટ બોલર, બેસ્ટ બેટસમેનને ટ્રોફી તેમજ રોકડ ઈનામથી સન્માનિત કરવામાં આવશે.

ભગતાણી ક્રિકેટ કાર્નિવલની તડામાર તૈયારી ચાલી રહી છે. અને એમાં ભાગ લેવા તેમજ અન્ય માહિતી માટે સ્પર્ધાના આયોજક સંજય થોરાતનો સંપર્ક સાધવા જણાવાયું છે.

માઉન્ટ કાર્મેલ શાળાનો ૪૪મો રમતોત્સવ યોજાયો

ધોરણ ૧ થી ૮ના બાળકોના ડ્રીલ્સ અને નૃત્યોથી સમારંભ દીપી ઉઠ્યો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં સેક્ટર-૨૧ ખાતે આવેલી પ્રખ્યાત માઉન્ટ કાર્મેલ શાળાનો શનિવારે ૪૪મો રમતોત્સવ યોજાયો હતો. આ રમતોત્સવમાં લેકાવાડા ખાતે આવેલા સીઆરપીએફના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ પોલીસ થોમસ જોબ મુખ્ય મહેમાન પદે હાજર રહ્યા હતા.

આ રમતોત્સવની શરૂઆત પ્રાર્થનાથી કરાઈ હતી ત્યાર બાદ નવમા ધોરણમાં વિદ્યાર્થીઓએ સ્કવોડ મુજબ સુંદર કવાયત કરી હતી. આ પછી મુખ્ય મહેમાન થોમસ જોબના વરદ્ હસ્તે રમતોત્સવની જ્યોત પ્રગટાવી ધ્વજને સલામી અપાઈ હતી. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થી પ્રતિનિધિ મહર્ષિ રાવલે ખેલાડીઓને ઓલિમ્પિક ઓથ લેવડાવી હતી. ધોરણ- ૧ થી ૮ના બાળકોના તાલબદ્ધ ડ્રીલ્સ અને સુંદર નૃત્યોથી કાર્યક્રમના પ્રેક્ષકો મંત્રમુગ્ધ બન્યા હતા. આ રમતોત્સવમાં સેંટ ઝેવિયર્સ શાળાના પ્રિન્સિપાલ ફાધર હેકટર, આઈએએસ ઓફિસર્સ વિક્ટર મેકવાન તથા લોચન સેહર, વાલી શિક્ષક સંઘના સેક્રેટરી મમતા રાવલ, એમોસ્ટોલિક કાર્મેલ સંઘના પ્રમુખ કેતન મેકવાન તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘના સેક્રેટરી ડૉ. મૌલિક શાહે હાજરી આપી હતી. આ ઉપરાંત વાલીગણે પણ મોટી સંખ્યામાં હાજરી આપી સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો.

કાર્યક્રમના અંતમાં રમતોત્સવની વિવિધ રમતોમાં વિજેતા બાળકોને ડૉ. મરીના થોમસના હસ્તે ઈનામો એનાયત કરાયા હતા. સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્યા સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ રાકેશ શાહ તથા દિપા બારોટની અથાગ જહેમતથી સફળતાપૂર્વક પાર પડાયો હતો. છેલ્લે રાષ્ટ્રગાન સાથે રમતોત્સવની પૂર્ણાહુતિ કરાઈ હતી.

સાવધાન... 'લપસવાનું' ચાલુ છે !!!

એને બિચારા ને સપનેય ખ્યાલ નહિ હોય કે એક દિન ઐસા ભી આયેગા કે સાલ્લુ આખું ઈન્ડિયા એનું જ સ્ટીગ જોતું હશે. આ તો કાબે અર્જુન લુટીયો જેવો સીન ભજવાય ગયો . વાત છે લીફ્ટ માં 'તહેલકા' મચાવનાર તરુણ તેજપાલ ની . જો કે એકલા તેજપાલ ની કયા માંડો છે ? સિનારિયો જ એવો છે કે રોજ ને રોજ કોઈક ને કોઈક ,ક્યાંક ને ક્યાંક લપસ્યા જ કરે છે. ઘણાની જીભ લપસે છે ...ઘણા ના હાથ તો ઘણા ના ઈરાદા ઓ. એવું લાગે છે કે જાણે લપસવાની હોડ લાગી છે . કોઈ મહા ખેલકૂદ મહોત્સવ ઉજવાય રહ્યો છે જેમાં એક જ રમત છે- લપસણીની અને લગભગ બધા જ વર્ગ ના મહાનુભાવો આ રમત માં અવ્વલ આવવા જી - તોડ મેહનત કરી રહ્યા છે. ક્યાંક રાજકારણીઓની જીભ લપસે છે અને શેરી ગલીઓમાં બોલતા શબ્દો આપણ ને જાહેરસભાના મંચ પરથી સાંભળવા મળે છે તો ક્યાંક મનોરંજનના મહારથી ઓ ખુલ્લેઆમ પોતાની વર્જ્યનીટીને શબ્દો દ્વારા લપસાવતા રહે છે. સમાજના મહત્વના અને જેને માપદંડ તરીકે લઈ શકાય એવા આ સ્તંભો પોતાના સ્ખલનો થકી આપણું મેન્ટલ હેરેસમેન્ટ કરતા રહે છે.

ખેર, રાજકારણીઓની લપસણી આપણે ત્યાં હવે બહુ આમ વાત બનીને રહી ગઈ છે અને એમાય જયારે ચુંટણીઓની મોસમ નજીક આવી રહી છે ત્યારે રાજકારણીઓની જીભ લપસવાના બનાવો વધતા જ જવાના છે ને એમની આ અદભુતવિદ્યા ને અભૂતપૂર્વ શબ્દ ભંડોળ થી આપણે યાની કી આમ જનતા ધીરે ધીરે ઘુઝડ ટુ થતા જઈએ છીએ . હજારો ની જનમેદની વચ્ચે, જાહેર માં થતા શબ્દપ્રયોગો કે પછી મુલાકાતોમાં ઉચ્ચારાતી હલકી થી પણ ઉતરતી ભાષા સાંભળતી વખતે આપણને ખુચે તો છે જ .એકબીજાને નીચા દેખાડવા કે રાજકીય આરોપો પ્રતિ-આરોપો વખતે વપરાતા શબ્દો, વિશેષણો કે કરાતી વ્યક્તિગત ટીપ્પણીઓને આપણે હળવાશથી લેતા થઈ ગયા છીએ કેમકે આપણે જાણીએ છીએ કે યે લોગ તો કભી સુધરને વાલે નહિ હૈ અને એમની જીભો જાણી જોઈ ને આવી જ રીતે લપસ્યા કરવાની છે - સ્લીપ ઓફ ટંગ યુ નો !!

કૈક આવી જ હળવાશથી આપણે મનોરંજન જગતના મહાનુભાવોની લપસણી ને લઈએ છીએ. ગ્લેમર વર્લ્ડ અને પૈસાના ઢગલાઓ પર આળોટતા આ સિતારો પાસેથી સભ્યતાની આશા તો ક્યાંથી રાખવી? જયાં લપસવું એ શરમ નહિ પણ સાહજિકતા ગણાય છે એવી મોહમયી માયાનગરીમાંથી બહાર આવતા કે હમણાં જ જેમ સલમાનખાને એક ટોક શો માં ફટકાર્યું એવા 'વર્જીનીટી' જેવા વિવાદિત સ્ટેટમેન્ટ ધરાવતા મોટાભાગ ના કિસ્સામાં તો એને અનધર પબ્લીસીટી સ્ટંટ તરીકે જોઈ ને આપણે ભૂલી પણ જઈએ છીએ. પણ આજે વાત છે આ બે સિવાય ના બીજા બે અગત્યના સ્તંભની. એક છે માધ્યમ અથવા તો ચોથી જાગીર-પત્રકારત્વ અને બીજો સ્તંભ છે ધર્મ અથવા તો આસ્થા.

'તહેલકા' ભારતવાસીઓ માટે કોઈ અજાણ્યું નામ નથી અને એટલો જ જાણીતો છે આ મેગેઝીનનો સ્થાપક અને એડિટર-ઈન-ચીફ તરુણ તેજપાલ. રાજકારણીઓ, ભગવાધારીઓ કે ઉદ્યોગપતિઓની લપસણીના સ્ટીગ કરી ને એક નવા જ પ્રકારના પત્રકારત્વ ને જન્મ આપનાર આ સફેદ દાઢીધારી તેજસ્વી પત્રકાર મહાશય લપસ્યા પોતાની જ એક મહિલા પત્રકાર પર અને પછી જે જાહેર થયું એ કોઈ તહેલકા થી કમ નહોતું. તહેલકા મેગીઝીન દ્વારા જ ગોવા માં યોજાયેલા એક સમારંભ દરમિયાન હોટેલની લીફ્ટમાં પોતાની સાથી મહિલા પત્રકાર પર બે દિવસ સુધી તેજપાલે કરેલા સેક્સ્યુલ આક્રમણ ની લંપટલીલા નો પર્દાફાશ થયો. પત્રકારનું કામ સમાજમાં ચાલતી બુરાઈઓને ઉજાગર કરવાનું હોય છે ત્યારે અતિ પ્રમાણિત અને લોકપ્રિય મેગેઝીન ના ટોચના પત્રકારની નારી પર કરાયેલી આ હરકત જાણતા જ સમગ્ર દેશમાં રોષ ફેલાય ગયો. આખીય ઘટના વિષે તો માધ્યમોમાં ઘણું આવી ગયેલું છે. કોણ સાચું છે ને કોણ ખોટું છે એવો પણ કોઈ અંદાઝ આમાં મારવાની જરૂર નથી કેમકે ખુદ તેજપાલે જ સામેથી પોતાના આવેગોની લપસણી કબુલી લીધી છે. કેસ ચાલે છે પરિણામ જે આવે એ પણ એક વાતનું તો સ્ટીગ થઈ જ ગયું કે આ કહેવાતા આદર્શવાદીઓ પણ આખરે તો સામાન્ય જ છે. બને કે કદાચ તેજપાલ આમાંથી બચી પણ જશે પણ ડી ખીણમાં ગબડી પડેલી તહેલકા ની વિશ્વશનીયતા હવે ઉપર નહિ આવી શકે. કારણ કે તેજપાલ નાં ક્ષણિક આવેગો પાછળ પાછળ એના અનેક આર્થિક કૌભાંડો નો પટારો પણ ખુલી ગયો છે. બોગસ કંપનીઓ, બેનામી આર્થિક લેવડદેવડો જેવા અનેક ખુલાસાઓ અને આરોપો થઈ રક્ષા છે ને હવે તો તહેલકા એ ભૂતકાળમાં કરેલા સનસનીખેજ પર્દાફાશો પણ સંદેહના દાયરામાં આવી ગયા છે. તરુણભાઈની એક લપસણીએ તહેલકાની અત્યાર સુધીની કામગીરી પર સવાલીયા નિશાન લગાવી દીધું છે.

જો આવા મહાન પત્રકારો લપસણીના આ ખેલ માં ભાગ લેતા હોય તો પછી ધર્મ ધુરંધરો શેના પાછળ રહે? ભારતભરમાં અનેક આશ્રમો અને લાખોની સંખ્યામાં શિષ્યો કે સાધકો ધરાવતા આશારામબાપુની લપસણી તો તેજપાલથી ય જૂની નીકળી. કામ-મદ-મોહ છોડવાનો ઉપદેશ આપતા રહેતા આ વિવાદિત સંત ની લપસણી લીલા તેજપાલ ની જેમ ખાલી એક લીફ્ટ પુરતી મર્યાદિતનાં રહેતા ઠેકઠેકાણે પથરાયેલી મળી આવી. કાચની કેબીન માં ગાદી તકિયા પર બેસીને આ ગુરુજી શિષ્યોને કામ છોડવાનો ઉપદેશ આપતા રક્ષા અને ગુરુની વાત માનીને ભાવિકોમાંથી ઘણા એ કદાચ કામ છોડી દીધો પણ હશે પરંતુ લગભગ વૃદ્ધાવસ્થાએ પહોચેલા આ ઉપદેશક ગુરુથી કામનાં છૂટ્યો. આશ્રમમાં ભક્તિ અર્થે આવતી કુમળી બાળાઓ થી લઈ ને વિદેશી કન્યા ની કાયા સુધી ગુરુજી ની નજરો લપસતી રહી. પાપ નો ઘડો છલકાય જ છે એવા પુરાણ પ્રસિદ્ધ સુવાક્ય મુજબ ગુરુજી ની પાપલીલા ના બનાવો એક પછી એક બહાર આવતા રક્ષા. ને એ પણ એમની જ સાથે કામ કરી ચુકેલા લોકો દ્વારા જ. ભક્તો ના જોરે અને ગુમાન ના ટેકે ગુરુજી કાનુનથી ભાગતા રક્ષા અને અંતે પકડાયા તે દરમ્યાન છેલ્લા લગભગ ત્રણેક મહિનાથી એમના જ અંગત માણસો દ્વારા પુરાવા સાથે રજુ થયેલા ગુરુજી ના કારનામાઓનો

રઝળપાટ

- અજય ઉપાધ્યાય

- akurjt@gmail.com

માધ્યમોએ એક પછી એક પર્દાફાશ કર્યા ત્યારે ખબર પડી કે ધર્મ ના અંચળા નીચે સંત કેવી કેવી ને કેટલી કેટલી વાર લપસ્યા કરે છે. સાચ કો આંચ નહિ અને મારો કોઈ વાળ પણ વાકો નાં કરી શકે એવી શેખીઓ મારનાર ગુરુવર્ય કાનુન ના હાથે ચડીને હાલ તુર્ત તો હવાલાતની હવા ખાઈ રક્ષા છે.

ધર્મના નામે ચાલતી અને ભોળી જનતા ને છેતરતી આ લપસણી લીલા માં તો પાછો એક બીજો જોડીદાર પણ નીકળ્યો. નારાયણ સાઈ વલ્દ આસારામ!!! યસ એમનો જ સુપુત્ર આઈ મીન કુપુત્ર. બાપથી બેટા સવાયા એવા આપણા સુવિચારને આ દુર્વીચારી દીકરા એ સુપેરે સાચો પાડ્યો. અગેઈન શાસ્ત્રો માં નારી તો પૂજનીય છે એવું જ્ઞાન વ્યાસપીઠ પરથી અનેક વાર આપી ચુકેલા આ સાઈ પર નારીઓ પર બલાત્કાર અને શારીરિક ઉત્પીડન નો આરોપ લાગ્યો અને એ પણ એક નહિ અનેક નારીઓ તરફથી. પૂજય પિતાજી ની જેમ એમને પણ ભાગમભાગ કરવામાં જ શાણપણ માન્યું. શેરલોક હોમ્સ કે અલીબાબા ચાલીસ ચોર ની વાર્તા ની જેમ બંને ની આ લપસણી લીલા ના નવા નવા અધ્યાયો રોજ રોજ ખુલતા જાય છે. ખેર, બંને બાપ- દીકરાની લંપટ લીલાઓનું તો ટીવી અને અખબારો માં લગભગ રોજ પ્રદર્શન થાય જ છે એટલે એ વિષે કઈ વધુ લખવાની જરૂર નથી. છેલ્લા સમાચારો પ્રમાણે લગભગ બેક મહિનાથી ભાગતો ફરતો નારાયણ સાઈ કાનુનના હાથે ચડી ગયો છે. ધર્મના નામે ધતિંગ કરનાર આ બાપ નમ્બરી તો બેટા દસ નંબરી જેવી જોડી પર હવે એક પછી એક ખટલા ચાલશે અને એક આમ ભારતીય તરીકે આપણે ઈચ્છીએ કે પીડિતાઓને ન્યાય મળે.

પીડિતા પર થી યાદ અપાવી દઉં કે આ બન્ને ખેલવીરો પર આરોપો પણ એક સમાન જ છે. મહિલાઓ નું યૌન શોષણ યાને કી સેક્સ્યુલ હેરેસમેન્ટ અને બલાત્કાર. ખેર આ આરોપો લગાડવા કે સાબિત કરવા એ તો કાનુન નું કામ છે પણ ઉપરના બંને બનાવો માં સોચનેવાલી બાત યે હૈ કી અટપટી અને લાંબી કાનૂની પ્રક્રિયા પછી પણ જો રાજકીય કે અન્ય હૂક્ને લીધે આરોપો સાબિતનાં થાય અથવા તો પૈસા કે બીજા કોઈ કારણોસર ઓછી સજા થી બહાર આવે તે પછી પણ શું આ લોકોનો દમામ આવો જ રહેશે? અને જો રહેશે તો એના એક ને એકમાત્ર જિમ્મેદાર આપણે જ હોઈશું. વી ધ પીપલ. જે રીતે શરૂઆતમાં તેજપાલ ના બચાવમાં બુદ્ધિજીવીઓ કુદી પડ્યા હતા તે જોતા તો એમ જ લાગતું હતું કે બચાવ કરનારાઓ તો તેજપાલના અધમ કૃત્યને એન્ડોર્સ કરી રક્ષા છે. સરવાળે તો બચાવની આડ નીચે આવા લોકોને વધુ જોર મળે છે. એક સ્ત્રી પોતાના પર થયેલા સેકસ્યુલ આક્રમણને જાહેર કરે ત્યારે જ એની ગંભીરતનો ખ્યાલ આવી જવો જોઈએ. ને આમાં તો એક સ્ત્રીની પુકાર દબાવવામાં એક સ્ત્રીનો પણ ફાળો રક્ષો છે. પીડિતા એ પોતાના પર થયેલા જાતીય દુર્વ્યવહાર ની સૌપ્રથમ જાણકારી તહેલકા ની મેનેઝીંગ એડિટર (હવે ભૂતપૂર્વ) શોમાં ચૌધરી ને જ આપી હતી ને શોમાં એ એના પર ઢાંકપીછોડો કરવાની કોશિશ કરેલી. તેજપાલના કેસમાં સરાહનીય વાત એ છે કે તેજપાલે ખુદ જ પોતાના પર લાગેલા આરોપોનો સ્વીકાર કરી લીધો છે જો કે એનાથી એણે કરેલા કૃત્યની ગંભીરતા લેશ માત્ર પણ ઓછી નથી થતી. કામના સ્થળોએ મહિલાઓની જાતીય સતામણીના કિસ્સાઓમાં આપણે ત્યાં છેલ્લા થોડા વર્ષોમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે તેજપાલનો કિસ્સો એમાં તાજું ઉમેરણ છે. જો કે પિતા પુત્ર ના કેસમાં હજુ બન્નેએ આરોપો સ્વીકાર્ય નથી જ. કાનૂની પ્રક્રિયા ચાલે છે.

ઘરપકડ પહેલા ભાગતા ફરતા પિતા પુત્રના સમર્થનમાં અને ઘરપકડ પછી પણ થયેલા દેખાવો જોતી વખતે આપણને અચૂક વિચાર આવે કે આ સમર્થકો એક ગુનાહિત કૃત્યને સમર્થન તો નથી આપી રક્ષા ને? માન્યું કે બન્ને કિસ્સાઓમાં હજુ તો આરોપો સાબિત નથી થયા અને આપણા મહાન કાનુનમાં લખ્યા મુજબ જયાં સુધી આરોપો સાબિત ના થાય ત્યાં સુધી કોઈને આરોપી ગણી ના શકાય છતાં પણ આવા ગંભીર આરોપો જેના પર લાગેલા હોય એ વ્યક્તિ ગમે એટલો પૂજનીય કે પ્રખ્યાત હોય તો પણ એના ટેકામાં આવી રીતે આવવું એ આપણી ઘેટાશાહી જેવી માનસિકતાનું પ્રતિક છે. આંખ મીચીને કોઈ ને ફોલો કરવામાં કાઈ ખોટું નથી પણ જયારે આંખ ખુલે તે છતાં પણ આવી માનસિકતાને ટેકો આપતો રહેવો એ નિંદનીય છે. જેને તમે અણીશુધ્ધ અને ચારિત્ર્યવાન માનતા હો એના કરતૂતો ઉઘાડા પડે પછી પણ એનો લૂલો બચાવ કરવો કેટલે અંશે વ્યાજબી છે? આશારામ -નારાયણ સાઈના કેસમાં પણ અગાઉ લાગેલા આરોપો પછીથી જ જો અનુયાયીઓ કે સાધકોએ સતર્કતા દાખવી હોત તો કદાચ આ બંને ની પાપલીલા નો ઘડો વહેલો ફૂટી જાત. જો કે આનાથી ઉલ્ટું સાધકો કે અનુયાયીઓને આખીય ઘટના આશારામ વિરુદ્ધનું કાવતરું લાગી રક્ષું છે. હજુ પણ લાખો અનુયાયીઓ એ વાત માનવા તૈયાર નથી કે એમના વંદનીય ગુરુજી આવું અધમ કૃત્ય કરી શકે. ને એમની રીતે, એમની શ્રધ્ધાની દ્રષ્ટિએ આ અનુયાયીઓને આવું માનવાનો હક્ક પણ છે. હવે જયારે કે બંને પિતા પુત્ર કાયદાની ચુંગાલમાં આવી ગયેલ છે ત્યારે આખરી ચુકાદા પર જ આધાર રાખવો રક્ષો.

વાત અહી કોઈના આરોપી હોવા વિષેની નથી. વાત છે સમાજના આધાર સ્તંભો ગણાતા ક્ષેત્રના આ ટોચના અને સન્માનિત મહાનુભાવોની લપસવાની શકયતાઓની અને ઉપરના બનાવો સાબિત કરે છે કે આ લોકો પણ લપસી શકે છે આખિર ઈન્સાન જો ઠહરે?! એમની લપસણી લીલાઓ-સંપતિ સંગ્રહ જેવા કારનામાં ઓ નજર સામે હોવા છતાં આપણે એની તરફ આંખમીચામણા કરવા કે પછી લાલ આંખ કરવી એના પર જ આ ખેલાડીઓની આગળની રમત નિર્ભર હશે એ યાદ રાખવું જરૂરી છે. આસારામ, નારાયણ સાઈ કે તેજપાલ કાઈ પહેલા નથી કે છેલ્લા પણ નથી આ અગાઉ પણ લપસવાના આવા અનેક બનાવોના આપણે સાક્ષી રહી ચુક્યા છીએ. લપસવાના આ મહાકુંભના આ ત્રણેય લેટેસ્ટ ખેલાડીઓ છે અને ઉપરના અમુક કિસ્સાઓ પછી એટલું તો કહી જ શકાય કે લપસણીના આ હમામમાં સબ...!!!

વિરામો :

આજે જો એકઝીટ પોલ મુજબ દિલ્હીની ચુંટણીનું પરિણામ ભાજપની તરફેણમાં આવશે તો મતદારો નો આભાર માનતા આવા હોર્ડિંગ દિલ્હી માં જોવા મળી શકે છે : APP કા શુક્રિયા!!!